।। णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स ।।
।। आयओ गुरुबहुमाणो ।।

# અંગારનો અંજલી

**પ્રિયમ્**

अहो श्रुतम्
શા. બાબુલાલ સરેમલજી
સિદ્ધાચલ બંગ્લોઝ, હીરા જૈન સોસાયટી,
સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫. મો. ૯૪૨૬૫૮૫૯૦૪
ahoshrut.bs@gmail.com

# * How Jain ? - Let me Say *

અનાદિ કાળના દોષોના બોલને
આત્મસત્ત્વના બેટથી ફટકા મારવા
એનું નામ જૈન ક્રિકેટ.

જિનશાસનના વિઘ્નોના બોલને
આત્મશક્તિના બેટથી ફટકારીને
ગમ કરી દેવો
એનું નામ જૈન ક્રિકેટ.
મોહરાજાના બધાં જ દાવપેચોને ફેઈલ કરીને
એને ક્લીન બોલ્ડ કરી દેવો
એનું નામ જૈન ક્રિકેટ.

**જિનશાસનની એવી ફિલ્ડીંગ ભરવી**
**કે આપણા મનનો બોલ**
**જિનાજ્ઞાની બાઉન્ડ્રીને કદી ક્રોસ ન કરી શકે**
**આનું નામ જૈન ક્રિકેટ.**

બાકી
જેમાં લીલોતરીનો બિનજરૂરી કચ્ચરઘાણ છે,
અનર્થદંડનું ભયંકર પાપ છે,
જીવાતો, અપ્કાય અને તેઉકાયની કતલ છે,
જૈન સંઘને
એના શુદ્ધ ઉદ્દેશ્યોથી ફંટાવી દેવાનું
જ્યાં જાણે-અજાણે ય ષડ્યંત્ર છે,
વાનરની જેમ ચંચળ બનેલી યુવાપેઢીને
જે દારૂ પીવડાવવાની પરબ છે,
**શ્રીસંઘ-શાસનના સળગતા પ્રશ્નોની**

**અને ઉપક્ષિત કાર્યોની**
**જે ક્રૂર મશ્કરી છે,**
**તે જૈન ક્રિકેટ શી રીતે હોઈ શકે ?**

મને કહેવા દો,
કે ‘જૈન’ને નહીં સમજેલા જૈન દ્વારા
‘જૈન’ના નામે ‘જૈન’નો જે દાટ વળી રહ્યો છે
એના પાપનો એમને કોઈ અંદાજ જ નથી.
મહાનિશીથસૂત્ર કહે છે
દુનિયાભરના બીજા બધાં જ પાપો કરતાં ય
ઉન્માર્ગપ્રવર્તનનું પાપ વધી જાય છે
**દુનિયાભારના બીજા બધાં જ પાપોનો સરવાળો કરો**
**એના કરતાં ય**
**ઉન્માર્ગ પ્રવર્તનનું પાપ વધી જાય છે.**

ભાઈ આયોજક !
તારે ડુબવું જ છે તો તું જાણે,
Plz. Don't touch Jain Sangh.
આ પાપથી તો તું
અનંત કાળે ય ઉપર નહીં આવી શકે.
Plz.
તારી જાત પર આવો જુલમ ન કર.

* * * * *

# * કા.....શ - *Let me Say* *

સંઘ ચોમાસું કરાવવા માટે
કોઈ સાધ્વીજી ભગવંતને લાવ્યો છે.
સાધ્વીજી વિદુષી છે, સારું પ્રવચન આપી શકે છે
કન્યાસંસ્કરણમાં એમની ગજબની માસટરી છે
કન્યાઓની દુર્દશા જોઈને એ વ્યથિત પણ છે.
સંઘ ચોમાસામાં એમની શિબિરનું આયોજન કરે છે,
ચાર રવિવાર શિબિર થઈ.
વાત પૂરી થઈ.
કેમ ચાર જ ? ચોમાસામાં રવિવાર તો સોળ આવે.
પણ... પણ
એ ચાર શિબિરના ૧૦-૧૫ હજાર જ માંડ મલ્યા હતા,
તો પછી પાંચમી શિબિરનું તો કોણ નામ પાડે ?
જરૂર એ હતી કે
સોળે રવિવારોમાં ત્રણ-ચાર કલાકની જબરદસ્ત શિબિર હોય,
જરૂર એ હતી કે
બાકીના દિવસોમાં ય એક-બે કલાકની તત્ત્વજ્ઞાનશાળા હોય,
જરૂર એ હતી કે
શેષકાળમાં ય એક દિવસ એવો ન હોય
કે જેમાં સેંકડો કન્યાઓ એ સાધ્વીજી ભગવંત દ્વારા
સંસ્કરણ ન પામતી હોય.
પણ... પણ... કા....... શ......
**મને કહેવા દો**
**કે આપણને ૧૦૦ કરોડ રૂપિયાનું દેરાસર પોસાય છે,**
**૧૦ કરોડ રૂપિયાનો છ'રી પાલિત સંઘ પોસાય છે,**
**૫ કરોડ રૂપિયાની નવ્વાણું પોસાય છે,**

**૧ કરોડ રૂપિયાની પ્રતિષ્ઠા પોસાય છે,**
**પણ નવી પેઢીના સંસ્કરણના ૨-૪ હજાર પોસાતા નથી.**
પછી આપણી બગડેલી કન્યાઓ
એ જ દેરાસરને બગાડશે, એ જ સંઘ, નવ્વાણું ને પ્રતિષ્ઠાને બગાડશે,
ત્યારે આપણે જ એના પર ચર્ચા કરીશું,
કયા સમાજમાં આપણા જેવા મૂરખા મળશે ?
એક બાજુ કરોડોના મહોત્સવો ચાલતા હશે
ને બીજી બાજુ ગર્ભપાત, છૂટાછેડા, લિવ ઈન... ને મુસ્લિમ
વગેરે સાથે ભાગી જવાની ઘટનાઓ બેરોકટોક ચાલી રહી હશે.
**સવાલ 'ભગવાનનું પુણ્ય છે, બીજાનું નથી' આનો છે જ નહીં,**
**સવાલ 'આપણામાં વિવેક છે કે નહીં' - એનો જ છે**
**બાકી તો જિનશાસનના ક્યાં યોગમાં ભગવાન નથી એ જ પ્રશ્ન છે.**
વિરાટ કલાત્મક જિનાલયનું નિર્માણ
કે એકાદ પણ દીકરા-દીકરીમાં ધર્મસંસ્કારનું નિર્માણ
હકીકતમાં આ બંને યોગ તુલ્ય છે.
યાદ આવે શ્રુતકેવલી ભદ્રબાહુસ્વામી મહારાજ -
**एक्केक्कम्मि अणंता वट्टंता केवली जाया ।**
જિનશાસનના પ્રત્યેક યોગમાં વર્તતા
અનંતા આત્માઓ આજ સુધીમાં કેવળજ્ઞાન પામ્યા છે
આટલું જ નહીં,
એક અપેક્ષાએ ધર્મસંસ્કરણનું મૂલ્ય
જિનાલયનિર્માણ કરતાં ય અનેકગણું છે,
કારણ કે આજે એની અનેકગણી જરૂરિયાત છે,
તાતી જરૂરિયાત છે અને અસહ્ય જરૂરિયાત છે.
**તમને હું હૃદયથી પૂછું છું - તમને કંઈ સમજાય છે ?**

✵ ✵ ✵ ✵ ✵

# * How Dare You ? - Let me Say *

શ્રીસંઘની દીકરી
એટલે ચંદના, સુલસા ને મયણાની વારસદાર.
શ્રીસંઘની દીકરી
એટલે સીતા, દ્રૌપદી ને રેવતીની પ્રતિનિધી.
શ્રીસંઘની દીકરી
એટલે બ્રાહ્મી, સુંદરી ને રાજીમતીની પ્રતિકૃતિ.
એને
હાથમાં બેટ આપવાની ધૃષ્ટતા કરવી...
એને
ઓવરરમ બોલિંગની નફ્ફટાઈ શીખવાડવી...
એને લાજ-શરણ છોડાવીને ફિલ્ડીંગ માટે દોવાવવી...
જેને પ્રભુએ
જય વીયરાય સૂત્રમાં
બે હાથ ઉંચા સુદ્ધા કરવાની ના પાડી
એને
સાવ જ ભાયડા-છાપ બનાવીને
ક્રિકેટનો રન લેવા માટે દોડાવવી,
ને આ બધાં દ્વારા
હજારો વાસનાભૂખી આંખોનો શિકાર બનાવવી...
How dare you ?
હલકાઈની પરાકાષ્ઠા વિના
આવો વિચાર પણ આવી શકે તેમ નથી.
**મને કહેવા દો**
**કે આ ચંદનાને ઊભી બજારે વેંચવાના**
**ઈતિહાસનું પુનરાવર્તન છે.**

**આ દ્રૌપદીના વસ્ત્રાહરણનું આધુનિક રૂપાંતર છે**
**આ આધુનિક રાવણગિરી છે**
**જે બહુ સ્માર્ટ રીતે સીતાહરણ કરી રહી છે.**
સીતામાંથી સીતાને ચોરી લેવી,
એ જ પરાક્ષાનું સીતાહરણ ને ?
**મને કહેવા દો**
**કે આ જિનશાસનની શ્રાવિકાસંસ્થાનો હત્યાકાંડ છે.**
**આમાં એક રૂપિયા પણ આપનારા,**
**આની નાની ય વ્યવસ્થા કરનારા,**
**ને આ બેહુદા પ્રોગ્રામને એક ક્ષણ માટે પણ જોનારા**
**એ બધાં જ હત્યારા છે.**
ખંજર લઈને કોઈ નિર્દોષનું પેટ ફાડી નાંખનાર
ખૂંખાર ગુંડા કરતા પણ
એક અપેક્ષાએ વધુ મોટા હત્યારા છે.
તેમને તેમના આ પાપનું ફળ
ટૂંક સમયમાં મળીને રહેવાનું છે.

✻ ✻ ✻ ✻ ✻

# * Plz. Stop This Non-Sense - Let me Say *

જૈન મહિલા ક્રિકેટના આયોજકોને
મારે એટલું જ પૂછવું છે
કે તમને આવી દુર્બુદ્ધિ કેમ સૂઝી ?
જૈન દીકરી ઘણી ઘણી રીતે
બરબાદ થઈ જ રહી છે,
તો પછી તમારે એને બરબાદ કરવા માટે
વધુ પ્રયાસ કેમ કરવો પડ્યો ?
શું તમને એની બરબાદી ઓછી લાગતી હતી ?

જો તમારે કહેવું હોય
કે અમે તો એના વિકાસ માટે જ
આ બધું આયોજન કર્યું છે,
તો મને એ જણાવો કે ક્યા વિકાસની તમે વાતો કરો છો ?
**સ્ત્રીત્વમાં પુરુષાતનના વિકાસની ?**
**નફ્ફટાઈ ને નટ્ટાઈના વિકાસની ?**
**લાજ-શરમ નેવે મુકવાના વિકાસની ?**
**લિવ ઈન રિલેશનશીપ ને ડિવોર્સના વિકાસની ?**
**ગૃહક્લેશ ને માનસિક સંક્લેશના વિકાસની ?**
**ક્યો વિકાસ કરવો છે તમારે ?**

જો તમે એમ કહેતા હો,
કે અમે તો એનો સાચો વિકાસ કરવા જ માંગીએ છીએ
તો આ બેહુદા આયોજનો બંધ કરી દો.

Plz. Note down -
આ છે એમના સાચા વિકાસના આયોજનો -
(૧) જ્ઞાની સંયમી શ્રમણી ભગવંતોની નિશ્રામાં કન્યાશિબિર.

(૨) શ્રાવિકાઓ માટેની તત્ત્વજ્ઞાન પાઠશાળા.

(૩) શીલ-સદાચાર પોષક પુસ્તકો પર પરીક્ષા.

(૪) જૈન ગર્લ્સ કે સ્કુલ અને તેમાં ફરજિયાત ધર્ણસંસ્કાર શિક્ષણ.

(૫) સંસ્કારી ધાર્મિક મર્યાદાશીલ કન્યા-શ્રાવિકાઓનો વિશિષ્ટ સમ્માન-સમારંભ.

જો તમે ખરેખર
જૈન દીકરીઓના હિતચિંતક હો,
તો આમાંથી એકાદ પણ આયોજન
તમારા માથે લઈ લો,
**ને તમારે આવું કશું જ ન કરવું હોય,**
**ને ઉપરથી આવા બેહુદા આયોજનો જ કરવા હોય,**
**તો કહી દો**
**કે અમે જૈન દીકરીઓના કટ્ટર દુશ્મન છી.**
**એમની બરબાદી**
**એ જ અમારું લક્ષ્ય છે.**

✳ ✳ ✳ ✳ ✳

# * How will you feel ? - Let me Say *

ભાઈ 'જૈન મહિલા ક્રિકેટ આયોજક' !
તમે છાતી પર હાથ રાખીને
મને એક વાતનો સાચ્ચે સાચ્ચો જવાબ આપશો ?
સપોઝ
તમારી પોતાની ૨૦ વર્ષની દીકરીએ
એ ક્રિકેટમાં ભાગ લીધો છે.
એ શોટ મારીને રન લેવા દોડી રહી છે
એ યૌવન
એ પહેરવેશ
એ દોટ
એ દૃશ્ય....
તમે એના પિતા છો
એ વાતથી બેખબર બાજુવાળો યુવાન
વાસનાભરી નજરે જોતા જોતા
એના મિત્ર સાથે
તમારી દીકરી વિષે ગંદી કોમેન્ટ કરી રહ્યો છે,
**તમે એની આંખોને જુઓ છો,**
**તમે એની વાતને સાંભળી રહ્યા છો.**
**Plz. tell me,**
**How will you feel ?**
Bad ? Worse ? Worst... No ?
તમારું ચાલે
તો તમે તમારી દીકરીને
આવી બેહુદી દશામાં નહીં જ જવા દો ને ?
તો પછી બીજાની દીકરી માટે

આવી ફીલિંગ્સ કેમ નહીં ?
I don't ask - Aren't you a Jain ?
I ask - Aren't you a Human being ?
તમે રાક્ષસ હો એવું હું હરગીઝ માની શકતો નથી,
તમે કેમ માની શકો છો ?
Plz. try to understand
તમે 'માણસ' જ છો.
'જે' તમારી દીકરીનો 'વિનાશ' છે,
'એ' બીજાની દીકરીનો ય 'વિનાશ' જ હોઈ શકે,
'વિકાસ' નહીં.
અને જો તમે એમ કહો
કે તમારી દીકરીનોય એ વિકાસ જ છે,
તો
**Sorry,**
**મેં તમારી સાથે વાત કરીને ભૂલ કરી.**
**તમને ધાર્મિક કે સામાજિક જગ્યાએ તો શું,**
**તમારા ઘરમાં ય ઊભા રાખવા જેવા નથી.**

✵ ✵ ✵ ✵ ✵

# * CRICKET - *Let me Say* *

ક્રિકેટ
એટલે ગુલામીની રમત
જ્યાં જ્યાં અંગ્રેજોએ રાજ કર્યું હતું, ત્યાં જ એ રમાય છે
ના, બલ્કે જ્યાં જ્યાં ક્રિકેટ રમાય છે
ત્યાં આજે ય અંગ્રેજોનું જ રાજ ચાલે છે.
ક્રિકેટ માટે આપણા જેટલી તાળીઓ
બીજા કોઈ દેશે નહીં પાડી હોય,
આખરે અંગ્રેજોના વફાદાર કૂતરા છીએ આપણે.
ક્રિકેટમાં ન ભારત જીતે છે, ન પાકિસ્તાન,
ક્રિકેટમાં પેપ્સી, કોકાકોલા ને વિલ્સ જીતે છે.
આપણે બધાં બેવકુફ બનીએ છીએ
ને એક મેચથી દેવાદાર ભારત
ઓર દેવામાં ડુબી જાય છે.
**મને કહેવા દો**
**કે ક્રિકેટ એ નકરો દેશદ્રોહ છે.**
**એને દેશધર્મ કહેવો**
**એ એના કરતા પણ લાખો ગણો દેશદ્રોહ છે.**
ભારતીયોની આર્થિક, આધ્યાત્મિક અને નૈતિક
આબાદી માટે પ્રયાસ કરવો એ દેશધર્મ હોઈ શકે,
દેશ સાથે કદી ગદ્દારી ન કરવી
એ દેશધર્મ હોઈ શકે,
દેશને વેષ-ભાષા-સંસ્કૃતિ અને જીવનશૈલીની બાબતમાં
વિદેશી ગુલામીથી છોડાવવો એ દેશધર્મ હોઈ શકે,
ક્રિકેટ એ દેશધર્મ કઈ રીતે હોઈ શકે ?
**મલ્ટીનેશનલ કંપનીઓ જે હથિયારથી**

**આ દેશને લૂંટી રહી છે એનું નામ છે ક્રિકેટ.**
**આંતવાદને જેનાથી ફંડ મળી રહે છે**
**એનું નામ છે ક્રિકેટ.**
આ દેશના કદાચ બિગેસ્ટ જુગારખાનાનું નામ છે ક્રિકેટ.
વેશ્યાઓને ય જેમાં વકરો મળી રહે છે
એનું નામ છે ક્રિકેટ.
લાખો પરિવારોની આર્થિક ખુવારીનું કારખાનું છે ક્રિકેટ.
બોલને બીભત્સ રીતે રગડીને
કરોડો ભારતીય નારીઓને
માનસિક રીતે વેશ્યા બનાવનાર છે ક્રિકેટ.
**I ask you,**
**ખરો દેશધર્મ બજાવવો છે ?**
**તો તમારા સોસાયટી-કંપાઉન્ડમાં ય ક્રિકેટ રમવાનું બંધ કરી દો,**
**ક્રિકેટ જોવા-સાંભળવા-વાંચવામાં ય દેશદ્રોહ સમજી લો**
**ને ક્રિકેટના નામ પર 'થૂ' કરવાનું શરૂ કરી દો.**
જો તમે ભારતીય છો,
જો તમે દેશપ્રેમી છો,
જો તમે ગદ્દાર નથી,
જો તમે નમકહરામ નથી,
તો ક્રિકેટ પ્રત્યે તમારું આ જ ઔચિત્ય બની રહે છે.

✳ ✳ ✳ ✳ ✳

## * Plz. Show Us - Let me Say *

**લોકોની બિચારાની જે નબળી કડી છે**
**ને પ્રવાહ જે દિશામાં જઈ રહ્યો છે,**
**એ સાઈડના આયોજનો કરીને**
**ક્રિકેટ કે મહિલા ક્રિકેટના**
**જૈન (?) આયોજકોએ કઈ ધાડ મારી છે ?**
તમારી તાકાત હોય
તો આ યંગસ્ટર્સને ફોનની ગુલામીમાંથી
છોડાવીને બતાવો.
તમારી તાકાત હોય
તો એમને વેસ્ટર્ન કલ્ચરના ભૂત-વળગાડથી
મુક્ત કરી બતાવો.
તમારી તાકાત હોય
તો આપણી દીકરીઓને એમની લાજ-શરમની મૂડી
પાછી અપાવી બતાવો.
તમારી તાકાત હોય
તો સાવ તળિયે બેસી ગયેલા સમાજના સત્ત્વને
ઉંચકીને બતાવો.
તમારી તાકાત હોય
તો આપણા તીર્થોના સળગતા પ્રશ્નોને
દૂર કરી બતાવો.
**માણસને નીચે પાડવાનું કામ તો**
**એક મૂર્ખ પણ કરી શકે છે,**
**સોરી ટુ સે,**
**એક મૂર્ખ જ કરી શકે છે,**
એમાં તમારી કઈ હોંશિયારી છે ?

મને કહેવા દો,
કે આ આયોજકો હજી ન સુધરે ને,
તો તેઓ જાણીને ય રીતસર
સંઘ-શાસન સાથે દુશ્મની જ કરી રહ્યા છે.
સંઘ અને શાસનના પ્રેમીઓએ
એમને ઉઘાડા પાડીને
વહેલામાં વહેલી તકે
એમને આવા આયોજનો બંધ કરવાની ફરજ પાડવી જોઈએ.
પછી ભલેને તેઓ જ
ધાર્મિક આયોજનોના ય અન્નદાતા કેમ ન હોય ?
**જે વ્યક્તિનું ખૂન થઈ ગયું હોય,**
**એને અન્ન ખવડાવવાનો**
**કોઈ અર્થ જ રહેતો નથી.**

✻ ✻ ✻ ✻ ✻

# * અટકાવો આ સંઘહત્યાનું તાંડવ - *Let me Say* *

સંઘની દીકરી
વેસ્ટર્ન કલ્ચરના ઝંઝાવાતમા આબાદ ફસાઈ રહી છે,
લવ જેહાદે એના માટે રૂપેરી જાળ બિછાવી છે.
કોલેજ કેમ્પસે એને સ્વાહા કરવા માટે
મોઢું ફાડ્યું છે
ને મીડિયાએ એનો દાટ વાળવા માટે કમર કસી છે.

આજે જિનશાસનની એ અસહ્ય જરૂર છે
કે દાનનો મહત્તમ પ્રવાહ
સંઘની દીકરીઓના સંસ્કરણ તરફ વળે.
સંઘની મહત્તમ શક્તિ
આ સંસ્કારયજ્ઞમાં પરોવાઈ જાય,
એક એક શ્રાવક અને એક એક શ્રાવિકાનું
એ જ લક્ષ્ય હોય
કે આપણી દીકરીઓને કઈ રીતે બચાવી લેવી ?

એની બદલે
કેટલાંક શ્રાવકરત્નો (?)
બધી જ તાકાત લગાવીને
એ દીકરીઓને જાહેરમાં નાચ નચાવવા માટે
જૈન (?) નાચ-ગાનો યોજે છે,
કેટલાંક શ્રાવકરત્નો (?)
એ દીકરીઓને 'મિસ અમદાવાદ' વગેરેનું
ગૌરવ (?) અપાવવા માટે
લાજ-શરમનો મહાત્યાગ કરાવી રહ્યા છે,
તો કેટલાંક શ્રાવકરત્નો (?)

એ દીકરીઓને આગળ (?) લાવવા માટે
હજારો આંખોની સમક્ષ વિચિત્ર વેષમાં
ક્રિકેટનો રન લેવા માટે દોડાવી રહ્યા છે.
આ દરેક આયોજનો પાછા મૂરખા દાનવીરોના
લાખો કે કરોડોના અનુદાનો(?)થી થઈ રહ્યા છે.

મને કહેવા દો
કે એમની પાસે પોતાની તે તે પ્રવૃત્તિના સમર્થનમાં
ગમે તેટલા બહાનાઓ હોય,
તાત્ત્વિક દૃષ્ટિએ
તેઓ પચ્ચીશમાં તીર્થંકરનું ખૂન કરી રહ્યા છે.
તેમની આ સમાજ સેવા (?)
હકીકતમાં મરણપથારીએ પડેલા
છેલ્લા ડચકા ખાતા
શ્રીસંઘની છાતીમાં ખંજર હુલાવવા સિવાય
બીજું કશું જ નથી.

દીકરી ખલાસ એટલે સંઘ ખલાસ.
સંઘ સર્વનાશની આગમાં હોમાઈ રહ્યો છે
ત્યારે આ લોકોને પાણી છાંટવાને બદલે
ડ્રમના ડ્રમ ભરીને પેટ્રોલ છાંટવાનું સૂઝે છે.

સોક્રેટીશનો શિષ્ય ધોળે દિવસે ફાનસ લઈને
આખા શહેરમાં ફર્યો હતો.
એનો એક એક નિસાસો કહેતો હતો
કે હું માણસ ગોતી રહ્યો છું.
જો આ શહેરમાં એક પણ માણસ હોત
તો મારા ગુરુને ઝેર પીવાની ફરજ ન જ પડી હોત.

મને કહેવા દો
કે એ શહેરોમાં જો એક પણ શ્રાવક હોત
તો સંઘહત્યાના આવા નફ્ફટ આયોજનો
ન જ થઈ શક્યા હોત.
છે કોઈ માઈનો લાલ ?
આવો આગળ,
અટકાવો આ સંઘહત્યાનું તાંડવ.

✳ ✳ ✳ ✳ ✳

## * Why ઢ - Let me Say *

‘‘એ સાવ જ ઢ પાકશે’’
આ જ્યોતિષીની આગાહી સામે
ચાર વર્ષના થયેલા જાતકે બળવો કર્યો....
‘‘આખરે શા માટે ?’’
જવાબ મળ્યો - ‘‘તારી આ હસ્તરેખા ટૂંકી છે માટે.’’
વળતી પળે એ બાળક રસોડામાંથી છરી લઈ આવ્યો.
એનાથી એ રેખા મોટી કરી દીધી
લોહી નીતરતો એ હાથ જ્યોતિષી સામે ધર્યો
ને પૂછ્યું, ‘‘બોલો, હવે તો હું વિદ્વાન બનીશ ને ?’’
ને ખરેખર એ મહાવિદ્વાન બન્યો.
સંસ્કૃતમહાવ્યાકરણની એણે રચના કરી.
આજે દુનિયા એને પાણિનિ તરીકે ઓળખે છે.

**એ મહાવિદ્વાન બની ગયા,**
**કારણ કે એમને ઢપણું હરગીઝ નામંજૂર હતું.**
**આપણે હજી સંયમી બની શક્યા નથી,**
**કારણ કે આપણે માયકાંગલા બનીને**
**સંસારને એક્સેપ્ટ કરી લીધો છે.**

મને કહેવા દો,
કે આપણો સંસાર એ ફક્ત સંયોગવશાત્ નથી,
એ આપણું નસીબ જ છે -
એ વાત આપણી શુદ્ધ ગેરસમજ છે.
‘ચારિત્ર મોહનીય’ના બહાના દ્વારા
આપણે ‘ચારિત્ર મોહનીય’ને
જ મજબૂત કરતા હોઈએ છીએ.

**દીક્ષા લેવી છે ?**
**તો પ્રચંડ પુરુષાર્થની છરી હાથમાં લો,**
**ચારિત્રમોહનીયના ક્ષયોપશમની રેખાને લાંબી કરી દો,**
**અવિરતિના લોહીને વહી જવા દો,**
**ને સંસારની સમક્ષ સિંહ ગર્જના કરીને પૂછો**
**''હવે તો મને દીક્ષા મળશે ને ?''**

ને જો આવું કશું ન કરવું હોય,
તો નસીબ ને કર્મના વાત કરવાને બદલે
એટલું જ કહો
કે મારે દીક્ષા લેવી જ નથી.

યાદ આવે પેલી કવિતા -
**''પળમાં પલટી નાંખું ભાગ્યની સત્તા,**
**પણ 'મોહ' ક્યાં એવી ફુરસદ આપે છે ?''**

* * * * *